# શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજ, ચીખલી

- ઇન્દુબેન બી.પટેલ ( ઇતિહાસ વિભાગ )

# ટી.વાય.બીએ. સેમ. – 5

ગુજરાતનો ઇતિહાસ – 14

# એકમ – 1

- સોલંકી વાઘેલા યુગની માહિતી આપતાં સાધનો :-
- સોલંકી વંશનો સ્થાપક મૂળરાજ પહેલો :-
- ભીમદેવ પહેલો :-

# સોલંકી વાઘેલા યુગની માહિતી આપતાં સાધનો :-

- પ્રાચીન ગુજરાતના ઈતિહાસમાં ક્ષત્રપકાલ, મૈત્રકકાલ અને સોલંકીકાલ હતા.
 જેમાં સોલંકી અને વાઘેલા યુગના પતનૂ સાથે પ્રાચીન કાલનો અંત થયો, પરંતુ ઈતિહાસની સાધન સામગ્રી વિપુલ હોવા છતાં ઘણી મર્યાદાઓ છે. છતાં ઉપલબ્ધ સાધન સામગ્રીને આધારે ઈતિહાસ લેખનની શરૂઆત થઈ.
- ગુજરાતમાં પ્રાચીન ઈતિહાસને લગતાં સાધનોમાં સાહિત્ય,અભિલેખો , પુરાવશેષોનો સમાવેશ થાય છે.
- એની સાથે તામ્રપત્રો પરથી તે યુગના વહીવટી વિભાગોની માહિતી પ્રાપ્ત થાય છે.
- શિલાલેખો દ્વારા રાજાઓના યશસ્વી પરાક્રમો, દેવાલયો,તળાવો તથા તે સમય ના સિક્કા, સ્મારકો, શિલ્પો, હસ્તલિખિત ગ્રંથો, ચિત્રો દ્વારા સાંસ્કૃતિક જીવનની માહિતી મળી છે.

# ગુજરાતનું સ્થાન :-

- ભારતની પશ્ચિમ તરફ ગુજરાતનો પ્રદેશ અને અરબી સમુદ્ર ઉત્તરે પાકિસ્તાનનો સિંધ પ્રદેશ અને રાજસ્થાન, દક્ષિણે મેવાડ, મારવાડ પ્રદેશો, પૂર્વ મધ્ય ભાગનો માળવા અને મહારાષ્ટ્રનો ખાંદદેશ. જ્યારે દક્ષિણે મહારાષ્ટ્રનો કોંકણનો વિભાગ આવેલો છે.

* ગુજરાત નામ કેવી રીતે પડ્યું ?

- આજે જે પ્રદેશનું નામ ગુજરાત છે તે પહેલા સમગ્ર ગુજરાત કોઈ એક નામથી ઓળખાતું ન હતુ. સૌરાષ્ટ્ર , કચ્છ પ્રાચીન કાળથી જાણીતાં હતાં.
- ઉપરનો ભાગ આનર્ત, દક્ષિણનો ભાગ લાટપ્રદેશ ગણાતાં, ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્ર રાજ્યની ગિરીનગર હતી. ઈશુની પાંચમી સદીમાં ગિરનાર પછી વલ્લભીપુરને રાજધાની બનાવવામાં આવી. સાતમી સદી સુધી વલ્લભીપુર ગુજરાતનું પાટનગર રહ્યું. વલ્લભીમાં મૈત્રક વંશના રાજાઓ રાજ કરતાં હતાં. વલ્લભીનાં પતન પછી ઉત્તર ગુજરાતમાં વનરાજ ચાવડાએ અણહિલપુર પાટણની સ્થાપના કરી હતી. મૂળરાજ સોલંકીએ ઈ.સ. 1942 માં અણહિલપુર જીતી લઈને ત્યાં પોતાની રાજધાની સ્થાપી હતી. મૂળરાજના પિતાએ આબુની ઉત્તરે આવેલા દક્ષિણ રાજસ્થાનનાં ગુર્જર સત્તા પ્રાપ્ત કરી. ત્યારથી તે ગુર્જરનૃપતિ તરીકે શાસન કરવા લાગ્યો. ત્યારપછી કર્ણદેવ, સિધ્ધરાજ, કુમાળપાળ વગેરે સમગ્ર ગુજરાતમાં સત્તા વિસ્તારી. આમ , ગુર્જર પરથી સમય જતાં ગુજરાત શબ્દ પ્રચલિત થયો.

- સોલંકી યુગનું સળંગ નિરૂપણ હેમચંદ્રાચાર્યના દ્વયાશ્રય નામનો ગ્રંથ , કુમાળપાળ અને વસ્તુપાળના ચરિત્રગ્રંથો, તથા અણહિલવાડના ચાવડા, સોલંકી અને વાઘેલા સોલંકી એમ ત્રણ રાજવંશોની માહિતી મળે છે. કોઈ પણ દેશ-પ્રદેશનાં ઈતિહાસમાં રાજકીય ઈતિહાસની સાથે સમાજ, ધર્મ, સાહિત્ય, વિદ્યાકલા, અર્થકલા વગેરે સાંસ્કૃતિક ઈતિહાસનું પણ આલેખન થયું છે.
- સોલંકીકાલનાં સ્થાપત્યમાં પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ અને રાણીની વાવ, વડોદરા, ખંભાતમાંથી ભૌનાક સામગ્રી મળી છે. વાસણો, ચિત્રો, રમકડાં અને માટીની મૂર્તિ, માણેક અને બીજા પદાર્થોનાં નમૂના મળ્યાં છે. વડનગરમાં ઈંટોનો કિલ્લો, અમદાવાદમાં ભીજે વિદ્યાભવનમાં સિધ્ધરાજ જયસિંહનાં બે ગોળ ચાંદીના સિક્કા વગેરે મળી આવ્યાં હતાં. આમ, ઉપર મુજબની સોલંકી વાઘેલાકાલિન માહિતી મેળવવામાં વિવિધ સાધન સામગ્રી ઉપયોગી થઈ હતી.

# સોલંકી વંશનો સ્થાપક મૂળરાજ સોલંકી :- ઈ.સ. 942 – 997

* સોલંકીઓ કોણ હતાં ?

- હેમચંદ્રાચાર્યકૃત દ્વયાશ્રય, મેરુતુંગ રચિત પ્રબંધચિંતામણ વગેરે ગ્રંથોમાં સોલંકીઓની ઉત્પત્તિને લગતી જુદી – જુદી કથાઓ આપવામાં આવી છે. આ વંશને લગતાં અનમલેખો તથા ગ્રંથો માટેનું નામ ચુલક્ય કે ચૌલુક્ય , ચૌલિક કે ચૌલુક જેવા શબ્દો જેમાં ચૌલુક નામ ગુજરાતીમાં સોલંકી રૂપે પ્રભાયેલું છે.

* સોલંકીઓની ઉત્પત્તિઓની દંતકથાઓ :-

- એક વખતે સંધ્યાવદન કરતી વખતે બ્રહ્માએ ધર્મમાં વિઘ્ન કરનારાઓના સંહાર માટે અંજલી જલથી ભરેલા પોતાના મૂલક ( ખોબા) ઉપર ધ્યાન દ્રષ્ટી કરી અને એ મૂલકમાંથી એક વીર પુરુષની ઉત્પત્તિ થઈ અને તેમાંથી ચૌલુક્ય વંશ ઉત્પન થયો.
- બીજી દંત કથામાં સોલંકીઓને ચંદ્રવંશી કરાવવાનો પ્રયત્ન થયો છે. જેમાં દક્ષિણનાં અમુક ચૌલુક્ય રાજાઓનાં લેખોના કથન પ્રમાણે બ્રહ્માનાં પુત્ર અત્રીના નેત્રમાંથી ઉત્પન થયેલા ચંદ્રમાંથી ચાલુક્ય વંશ શરૂ થયો.

# મૂળરાજનો ઉછેર અને રાજ્યાભિષેક :-

- સોલંકી વંશનો સ્થાપક મૂળરાજ હતો. કાન્યકુબજના રાજા ભુવડના વંશમાં થયેલ મુંજાલદેવને રાજ, બીજ અને દંત નામે ત્રણ પુત્રો હતાં. સોમનાથની યાત્રાએથી પાછા ફરતાં અણહિલવાડ પાટણમાં રોકાયાં. પાટણનાં છેલ્લાં રાજા સામંતસિંહે રાજ્યની અશ્વવિદ્યાથી પ્રભાવિત થઈને પોતાની બહેન લીલાદેવીને રાજ સાથે પરણાવી. તેમનો પુત્ર તે મૂળરાજ. મૂળ નક્ષત્રમાં તેમનો જન્મ થવાથી તેનું નામ મૂળરાજ પાડવામાં આવ્યું. મામા સામંતસિંહ દારૂના ભારે વ્યસની હોવાથી તેણે મામાને મારીને પાટણની ગાદી કબ્જે કરી.
- મૂળરાજે ઇ.સ.942 માં પાટણ જીતીને ત્યાં પોતાનાં રાજ્યાભિષેક કરાવ્યો. સારસ્વત મંડળ એટલે કે સિધ્ધપુરથી માંડીને કચ્છનાં રણની રૂપેણ નદી સુધીના પ્રદેશનો તે માલિક બન્યો.

# મૂળરાજનાં વિજયો:-

1. સૌરાષ્ટ્રનાં રાજા ગ્રાહ્યરીપુ
2. કચ્છનો લાખોફુલાણી
3. માળવાનો રાજા મુંજ
4. માન્યખેટનો ચાલુક્ય રાજા તૈલપ બીજો
5. લાટનો રાજા બારતપ.
6. શાહ ભરીનો ચૌહાણ વિગ્રહરાજ
7. આબુનાં પરમાર રાજા ધરણી વરાહ

# મૂળરાજનું મંત્રીમંડળ:-

- મૂળરાજ માત્ર વિજેતા જ નહીં પણ કુશળ વહીવટકર્તા પણ હતો. તેનું મત્રીમંડળ વિશાળ હતું.
- મહામંત્રી – જમ્બક
- મુખ્યપ્રધાન – જેટુલ
- યુવરાજપદ – ચામુંડ
- પુરોહિતપદે – સોલશર્મા
- મંત્રી – વીરમહતમ
- ધર્મ ખાતાનો વડો – માધવ
- દાન શાસકનો લેખક – બાલાર્ક
- કાપસ્થ - કાંચન
- દૂત અને મહાસંધિવિગ્રહક – શ્રીજય
- મૂળરાજે પ્રજા પર કરવેરાનું ભારણ ઓછું કર્યું હતું. તેણે પ્રજાનાં કલ્યાણ માટે વાવ, કુવા , જળાશયો તથા વિધાર્થીઓ માટે છાત્રાલયો બંધાવ્યાં હતાં.

# મૂળરાજનાં બાંધકામો :-

- મૂલનાથ મૂલેશ્વર મહાદેવનું મંદિર
- સિધ્ધપુરનું પ્રસિધ્ધ રુદ્રમાળ
- મૂલદેવ સ્વામીનું મંદિર
- વહાલુકા નામે જૈન મંદિર

# મૂળરાજનું ઈતિહાસમાં સ્થાન :-

- આમ મૂળરાજ પરાક્રમી, બુધ્ધિશાળી અને ઉદાર રાજા હતો. એણે પોતાની જાતે અણહિલવાડ પાટણની ગાદી મેળવી હતી. તેણે પોતાના રાજ્યને દક્ષિણમાં નર્મદા સુધી  અને ઉત્તરમાં ભીન્નમાળ નજીક આવેલા સાંચેર સુધી વિસ્તાર્યું હતું.  તેણે 'પરમદ્વારક','મહારાજાધિરાજ', ' પરમેશ્વર' વગેરે ઉપનામો ધારણ કર્યા હતાં.
- મૂળરાજે પંચાવન વર્ષ સુધી રાજ્ય કર્યું.  એ પછી તેણે પોતાના પુત્ર ચામુંડને રાજ્ય સોંપી મંત્રીઓ, પુરોહિતો,જ્યોતિષો વગેરેની સલાહ લઈ સિધ્ધપુરમાં જઈ અગ્નિસ્નાન કરી જીવનનો અંત આણ્યો હતો.

# ભીમદેવ પહેલો :-

- મૂળરાજ પહેલાનો પુત્ર ચામુંડરાજ
- ચામુંડરાજનાં ત્રણ પુત્રો :-
- 1. વલ્લભરાજ 2. દુર્લભરાજ 3. નાગરાજ
- નાગરાજનો પુત્ર - ભીમદેવ પહેલો
- મૂળરાજ સોલંકીએ ગુર્જર રાજ્યનો પાયો નાંખ્યો. મૂળરાજ પછી ચામુંડરાજ ગાદીએ આવ્યો. તેનાં પુત્રો વલ્લભરાજ અને દુર્લભરાજ ગાદીએ આવ્યાં. પરંતુ તેઓ અપુત્ર મૃત્યુ પામ્યાં. તેથી નાના ભાઈ નાગરાજનો પુત્ર ભીમદેવ પહેલો ગાદીએ આવ્યો.

# ભીમદેવ પહેલાની સિધ્ધિઓ – રાજકીય સિધ્ધિઓ:-

- મહુમદ ગઝનવીની ચડાઈ :-
- ભીમદેવ પહેલા ગાદીએ આવ્યાંને બે વર્ષ મહમદ ગઝનવી એ ગુજરાત પર છેલ્લે આક્રમણ કર્યું.
- ઈ.સ. 1000 થી 1027 સુધી મહુમદ ગઝનવીએ ભારત પર સત્તર વાર ચડાય કરી.
- તેણે હિંદુ રાજાઓ પાસેથી મુલતાન , નગરકોટ , કનોજ , મથુરા, ગ્વાલિયર વગેરે સ્થળો જીતી અઢળક ધન સંપત્તિ મેળવી તથા અનેક હિંદુઓને વતલાવી મુસલમાન બનાવ્યાં.
- તે સમયે તેની દ્રષ્ટિ સોમનાથ મંદિર પર પડી.
- તેથી 30 હજાર ઘોડેસવાર લઈને મુલતાન થઈ રણ ઓળંગી એ ધસમસતો વંટોળિયાની જેમ ગુજરાત પર આક્રમણ કર્યું. તે વખતે ભીમદેવે પાટણ ખાલી કરાવ્યું અને કંથકોટના કિલ્લામાં આશરો લીધો. તેથી પાટણથી મહુમદ સીધો મોઢેરા પહોંચ્યો. ત્યાં વીસ હજાર હિંદુઓએ તેનો સામનો કર્યો. પરંતુ મહુમદના સૈન્ય સામે તેઓ ટકી શક્યા નહી. તેથી મહમદ કચ્છનું નાનું રણ વઢવાણ થઈ સોરઠ પહોચ્યો. અહીંથી ઉના દેલવાડા થઈ ઈ.સ. 1026 ને છઠ્ઠી જાન્યુઆરીએ હિંદુઓના પ્રસિધ્ધ મંદિર સોમનાથ પહોંચ્યો.
- અંધશ્રધ્ધાળુ હિંદુઓ માનતા હતાં કે ભગવાન સોમનાથ આ સર્વ મલેચ્છોનો નાશ કરશે.
- મુસલમાનોએ ગઢનો કબજો લીધો. મોટા ભાગે મુસલમાનોના હાથે કપાઈ ગયાં. અનેક દરિયામાં ડુબી ગયાં. 50000 હિંદુ યૌધ્ધાઓએ આ મંદિરના રક્ષણ માટે પોતાની આહૂતિ આપી.
- સોમનાથ જ્યોતિર્લિંગની મૂર્તિ બહાર કાઢી ભાંગી નાખી અને મંદિરની અઢળક સંપત્તિ લૂંટી લીધી.
- એ સમયે સોમનાથનું લાકડાંનું મંદિર બાળી નાંખ્યું.
- મહુમદે મંદિરની લૂંટમાંથી હાલની ગણતરી કરતાં આશરે 15 કરોડનો માલ મેળવ્યો.
- સોમનાથના વિજય પછી મહુમદે પાછા ફરતી વખતે સખત સામનાનો ભય લાગતાં તે થરના રણને બદલે કચ્છના રણમાં થઈને પોતાના વતન પાછો ફર્યો. કચ્છના રણમાં તેને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી. તેના સૈનિકો, પશુઓ, માણસો માર્યા ગયાં.

# સોમનાથના મંદિરનું વર્ણન :-

- સોમનાથનું મંદિર સાત માળનું લાકડામાંથી બનાવવામાં આવ્યું હતું. તેમાં ભગવાનની મૂર્તિ જમીનથી પાંચ ફૂટ ઉપર હતી. આખું મંદિર સોનાથી મઢવામાં આવ્યું હતું. મંદિરની ઉપર ધજાઓ ફરકતી હતી. મંદિરની ઉપર સોનાનો કળશ મૂકવામાં આવ્યો હતો. આખું મંદિર રોશનીથી ઝઘમઘતું હતું. સોમનાથ મહાદેવને નવડાવવા માટે ગંગાનું પાણી લાવવામાં આવતું હતું. મહાદેવને ફુલો ચડાવવા માટે કાશ્મીરથી આવતાં હતાં. મહાદેવના દર્શન માટે માનવ મહેરામણ ઉમટતું હતું.
- એમ કહેવાય છે કે , 300 જેટલા હજામો બાળકોનું માથું મુંડન કરવા ( બાધા ઉતારવા ) આવતા હતાં. આવી સોમનાથના મંદિરની ભવ્યતા હતી.

# સોમનાથનો જીર્ણોધ્ધાર :-

- મહુમદનાં આગમનથી સોમનાથનાં ભવ્ય મંદિરનો નાશ થયો.
- મહુમદ વંટોળિયાની માફક આવ્યો અને વંટોળિયાની માફક ચાલ્યો ગયો.
- એક પરદેશી દોઢ હજાર માઈલથી સોમનાથ સુધી આવે અને દેશમાં લૂંટફાટ કરે ,મંદિરો ભાંગે અને એ પાટણ જેવા સમૃધ્ધ શહેરનાં રાજાને નાસી જવું પડે, વિદેશી લૂંટીને એકંદરે સહી સલામત પાછો ગયો ત્યાં સુધી દેશનાં રાજાઓ એકતાથી સામનો કરી શક્યા નહીં. એ બધુ એ સમયનાં હિંદુ રાજાઓની લશ્કરી વ્યવસ્થા, રાજકીય એકતા અને સામાજિક સ્થિતિની નિર્બળતા સૂચવે છે.
- મોઢેરામાં થોડા જ સમયમાં ભીમદેવે પથ્થરનું મોટું ભવ્ય સૂર્યમંદિર બનાવ્યું.
- ભીમદેવે સોમનાથનું નવું પથ્થરનું ભવ્ય મંદિર બધાવ્યું. અને સમુદ્રતટ પર આવેલાં એ પ્રસિધ્ધ મંદિરનાં ઉતુંગ શિખરની પતાકા ફરીથી ફરકવા લાગી. અને જાહોજલાલી વધતાં વાર-તહેવારે યાત્રા નિમિત્તે માનવ મહેરામન ઉમટવા લાગી.

# ભીમદેવ પહેલાનાં વિજયો :-

- સિંધના રાજા હુમ્મક સાથે યુધ્ધ
- આબુના રાજા ધંધુક સાથે યુધ્ધ
- ભીમદેવ અને ભીન્નમાલના પરાક્રમો
- માળવાના રાજા ભોજ પર વિજય
- ચેદિના રાજા કલચૂરિ રાજા કર્ણદેવ પર આક્રમણ

# ભીમદેવની રાજ્યવ્યવસ્થા :-

ભીમદેવ માત્ર વિજેતા જ નહીં સફળ શાસનકર્તા હતો.

- મંત્રી – વિમલ
- સંધિવિગ્રહ – ડામર
- લેખક - વટેશ્વર
- પુરોહિત પદે - સોમ
- ખર્ચ ખાતાનો અમાર્ત્ય – જહિલ્લ

આ બધા મંત્રીઓની સલાહ લઈ રાજ્યવહીવટ કરતો.

# ભીમદેવના લોકોપયોગી કાર્યો :-

- ભીમદેવ પ્રજા કલ્યાણવાદી અને ઉદાર રાજા હતો. ગુજરાતમાં સૌપ્રથમ પથ્થરના બાંધકામની શરૂઆત કરી હતી.
- મંદિરોનાં નિભાવ માટે અનેક ગામો દાનમાં અપ્યાં હતાં.
- વાવ અને કુવા બંધાવ્યાં હતાં.
- તેનાં મંત્રી વિમલે આબુ પર ‘વિમલવતઉ’ નામે જૈનમંદિર બંધાવ્યું.
- મોઢેરામાં પ્રખ્યાત ‘સૂર્યમંદિર’ બંધાવ્યું.
- સોમનાથનું પથ્થરનું નવું વિશાળ મંદિર બંધાવ્યું.
- ભીમદેવની રાણી ઉદયમતીએ પાટણમાં સુંદર બાંધણીવાળી ‘ રાણકીવાવ’ બંધાવી.
- રાણીની વાવ અને દામોદર કુવો પાટણમાં જોવા લાયક સ્મારકો છે.
- તે ઉપરાંત ત્રિપુરુષ પ્રસાદ , ભીમેશ્વર અને લીલેશ્વર નામના બે શિવમંદિરો , સોમનાથ મહાદેવનાં મંદિરમાં મેઘનાદમંડળ ,સુમવેશ્વર મંદિરો બંધાવ્યાં.
- દાન પત્રો :- ભીમદેવે અનેક ભૂમિદાન જેમાં 6 દાનપત્રો હતાં.
- વિધ્યા સાહિત્ય :- ભીમદેવના સમયમાં સુરાચાર્ય ધારાપતિ ભોજની વિદ્વતરાજસભા સાથેની વિધાકીય સ્પર્ધામાં ગુજરાતની પ્રતિષ્ઠા જાળવી રાખી હતી. જિનેશ્વર, બુધ્ધિસાગર, ધર્મ ,શાંનાસૂરિ વગેરે વિદ્વાનોએ વિધા સાહિત્યમાં નોંધપાત્ર પ્રગતિ સાંધી હતી.

# ભીમદેવનું ઈતિહાસમાં સ્થાન :-

- ભીમદેવે પોતાનાં શાસન દરમિયાન ભારતનાં એ સમયના પરાક્રમી રાજાઓ ભોજ અને કર્ણદેવ જેવાનો મક્કમતાથી સામનો કરી, ગુર્જર રાજ્યની હદ દૂર સુધી વિસ્તારી. ભીષણ સંઘર્ષમાંથી એ મહાપુરુષ બનીને બહાર આવ્યો. મૂળરાજ સોલંકીને જ્યાં નિષ્ફળતા મળી ત્યાં તે ભીમદેવ વિજયી બન્યો. આમ તે પ્રથમ કક્ષાનો યોદ્ધો અને સફળ શાસન કર્તા હતો. ભીમદેવે લગભગ 42 વર્ષ સુધી રાજ્ય કર્યું.
- ભીમદેવ સૌરાષ્ટ્રના ખેંગારની પુત્રી ઉદયમતી સાથે લગ્ન કર્યાં હતાં. એને કર્ણદેવ નામે પુત્ર હતો. તે ઉપરાંત બકુલાદેવી નામની ગણિકાના મોહમાં આશક્ત હતો. અને તેને પોતાની રાણી બનાવી હતી. એનાથી એને ક્ષેમરાજ નામે પુત્ર હતો. ભીમદેવના ત્રીજા પુત્રનું નામ મૂળરાજ હતું. એ ભીમદેવની હયાતીમાં જ મૃત્યુ પામ્યો હતો. ભીમદેવે ક્ષેમરાજને રાજ્ય સ્વીકારવાનું કહ્યું હતું પરંતુ તે ધાર્મિકવૃત્તિનો હોવાથી તેણે ના પાડી. આથી કર્ણદેવનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

  આમ ભીમદેવ પછી રાણી ઉદયમતિનો પુત્ર કર્ણદેવ ગાદીએ આવ્યો.